સૌરાષ્ટ્ર આસપાસ

# ગુજરાતમાં ૨૦૦૧માં ૩૨૭ની સામે વર્ષ-૨૦૨૫માં સિંહની સંખ્યા વધીને ૮૯૧ થઈ

## ગુજરાત છેલ્લા દોઢ દાયકાથી પ્રાણીઓ - યાયાવર પક્ષીઓ માટે ગુજરાત વધુ સુરક્ષિત બન્યું

ગાંધીનગર,

વન્ય પ્રાણીઓના સંવર્ધન અને સંરક્ષણ માટે ગુજરાત હંમેશા સુરક્ષિત રાજ્ય રહ્યું છે. કુદરતી વનરાજી, ઈકોસિસ્ટમ, લુપ્તપ્રાય વનસ્પતિ, પ્રાણીસૃષ્ટિને બચાવવા અને પર્યાવરણનું જતન કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે કડક કાયદાઓ, નિયમો અને યોજનાઓ અમલમાં મૂકી છે. જેને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા છે. જેના ફળરૂપે ગુજરાત છેલ્લા દોઢ દાયકાથી પ્રાણીઓ – યાયાવર પક્ષીઓ માટે ગુજરાત વધુ સુરક્ષિત બન્યું છે. છેલ્લી વન્યજીવ વસ્તી અંદાજ- ગણતરી મુજબ વર્ષ ૨૦૨૩ માં રાજ્યમાં સિંહ, મોર, નીલગાય, વાંદરા,



કાળીયાર, દિપડા, સાંભર, ચિંકારા સહિત અંદાજે ૨૧ પ્રજાતિઓની અંદાજિત ૯.૫૩ લાખથી વધુ વસ્તી નોંધાઈ છે, જે ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે.

નોંધનીય છે કે, દર વર્ષે ૦૪ ડિસેમ્બરે ગુજરાત અને ભારત સહિત સમગ્ર વિશ્વમાં 'વિશ્વ વન્યજીવ સંરક્ષણ દિવસ' તરીકે ઉજવાય છે. આ દિવસે લુપ્ત થતા વન્યજીવો અને પક્ષીઓને બચાવવા નાગરિકો જાગૃત્ત થાય તે માટે દેશમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

'એશિયાટિક સિંહ' એ ગુજરાત અને ભારતની શાન છે. ગુજરાતના એશિયાઈ સિંહ રાજ્યનું ઘરેણું છે ત્યારે તાજેતરમાં ગુજરાતના દાહોદમાં આવેલા રતનમહાલ અભયારણ્યમાં વાઘની ઉપસ્થિતિ નોંધાઈ છે જે રાજ્યની જીવ સંરક્ષણ વારસાની સમૃદ્ધિમાં વધારો કરે છે. હવે ભૌગોલિક પરિસ્થિતિ-આબોહવાની દ્રષ્ટિએ જ નહીં, પરંતુ વન્ય પ્રાણી સંરક્ષણના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારના કાળજીભર્યા સાતત્યપૂર્ણ અભિગમથી જ સિંહનું સંખ્યાબળ ઉત્તરોત્તર વધ્યું છે.

એશિયાટિક સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે રાજ્ય સરકારના માર્ગદર્શનમાં વ્યાપક અને પરિણામલક્ષી પગલા સતત લેવાઈ રહ્યા છે. જેના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં વર્ષ ૨૦૦૧માં સિંહની સંખ્યા ૩૨૭, વર્ષ ૨૦૦૫માં ૩૫૯, વર્ષ ૨૦૧૦માં ૪૧૧, વર્ષ ૨૦૧૫માં ૫૨૩ અને વર્ષ ૨૦૨૦માં ૬૭૪ હતી તે હવે વર્ષ ૨૦૨૫માં વધીને ૮૯૧ થઈ છે. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા અને રાજ્ય મંત્રી પ્રવિણ માળીના માર્ગદર્શનમાં વન વિભાગ સહિત વિવિધ પ્રાણી-પક્ષી પ્રેમી સંસ્થાઓ દ્વારા પ્રાણી-પક્ષી સંવર્ધન અને સંરક્ષણની પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે.

# ગોધરાની કોર્ટ બાદ રમખાણોના ૧૧ આરોપીને હાઈકોર્ટે પણ નિર્દોષ છોડ્યા

## એક હજારના ટોળાએ લઘુમતી કોમના ઘરમાં આગ લગાડી લૂંટ કરી હોવાનો આરોપ હતો

અમદાવાદ,

ગોધરા કોર્ટ બાદ ૨૦૦૨ના રમખાણોના ૧૧ આરોપીઓને હાઈકોર્ટે પણ નિર્દોષ છોડ્યા છે. આ મામલે સંતરામપુરમાં એક હજારના ટોળાએ લઘુમતી કોમના ઘરમાં આગ લગાડી લૂંટ કરી હોવાનો આરોપ હતો. જેમાં ૧૧ આરોપીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. તેમની સામે ગોધરાની સેશન્સ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેમાં વર્ષ ૨૦૦૪માં ગોધરાની સેશન્સ કોર્ટે ચુકાદો આપતા તમામ આરોપીઓની નિર્દોષ છોડ્યા હતા. જેની સામે રાજ્ય સરકારે હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. હાઈકોર્ટે પણ ગોધરા સેશન્સ કોર્ટના ચુકાદાને યથાવત રાખ્યો છે. આ કેસની વિગત એવી છે કે ગોધરા કાંડ બાદ પંચમહાલના સંતરામપુરમાં તોફાનો ફાટી નીકળ્યા હતા. હથિયારો સાથે ટોળાંએ ઘર, વાહન, કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં આગ લગાવી હતી. આશરે ૧૦૦૦ જેટલા વ્યક્તિઓનું ટોળું રાત્રે ૧૦ વાગે લઘુમતી કોમની મિલકતોને નુકસાન કરવા અને લૂંટવાના ઈરાદે નવી વસાહતમાં ગયું હતું. જ્યાં પથ્થરમારો થયો હતો અને વાહન, મકાનો તેમજ કોમર્શિયલ બિલ્ડિંગોમાં આગ લગાવીને લાખોની લૂંટ કરવામાં આવી હતી.

સ્થાનિક પોલીસે ત્યાં પહોંચીને હવામાં ફાયરિંગ કરતા ટોળું ભાગી ગયું હતું. લઘુમતી કોમના વ્યક્તિઓ શહેર તરફ ભાગી નીકળ્યા હતા. ૩૯ ઘરમાં આગજની કરાઈ હતી. તેના ત્રણ દિવસ બાદ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી. આ કેસમાં ૨૧ સાહેદ અને ૧૦ દસ્તાવેજી પુરાવા ચકાસવામાં આવ્યા હતા. એક આરોપીએ કહ્યું હતું કે ફરિયાદ કરનાર લઘુમતી કોમના સગા ભાઈએ એક બહુમતી કોમની દીકરીનું અપહરણ કર્યું હતું. જેથી તેનું ખોટું નામ પોલીસ ફરિયાદમાં આપી દેવાયું છે. ગોધરાની કોર્ટે નોંધ્યું હતુ કે ફક્ત ઘટના સ્થળે હાજર હોવાથી ગુનામાં સક્રીય ભાગીદાર કહી શકાય નહીં. ફરિયાદીએ કોર્ટ સમક્ષ અને પોલીસ તપાસમાં વિરોધાભાસી નિવેદનો આપ્યા છે. જેથી આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કરવામાં આવે છે.

# ભિલોડા પંથકમાં પત્ની સાથે આડાસંબંધની આશંકાએ પિતરાઈએ ભાઈની હત્યા કરી

અરવલ્લી,

અરવલ્લી જિલ્લાના ભિલોડા પંથકમાં ત્રણ દિવસ અગાઉ મળેલી યુવકની લાશનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. પોલીસે યુવકની લાશનું પોસ્ટ મોર્ટમ કરાવાતાં અકસ્માતે મોત નહીં પરંતુ હત્યા કર્યાનું જાણવા મળ્યું હતું. આ કેસમાં પોલીસે તપાસ કરતાં મૃતકના પિતરાઈની પત્ની સાથે આડા સંબંધ હોવાની શંકાએ હત્યા કર્યાનું ખુલ્યું હતું. આ મામલે પોલીસે આરોપીને ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભિલોડા પંથકના એક ગામનો યુવક ગત અઠવાડિયે ગુમ થયો હતો તે અંગે યુવકના ભાઈએ ભિલોડા પોલીસ મથકે જાણ કરી હતી. દરમિયાન ગત ૩૦મી નવેમ્બરે ગુમ યુવકની લાશ મળી આવતાં પોલીસે લાશનું પંચનામું કરી પીએમ અર્થે સબ ડ્રિસ્ટ્રિકટ હોસ્પિટલ ખાતે મોકલી કાર્યવાહી હાથ ધરી હતી. આ મામલે જિલ્લા એલ.સી.બી. પી.આઈ. સહિત પોલીસની ટીમે તપાસ કરતાં યુવકનું અકસ્માતે મોત નહીં પરંતુ હત્યા થઈ હોવાનું જાણાઈ આવ્યું હતું.

આ કેસમાં પોલીસે તપાસ કરતાં આરોપી પિતરાઈની પત્ની સાથે મૃતક યુવકના આડા સંબંધો હોવાની શંકા ગઈ હતી. આ શંકાના આધારે પિતરાઈએ જ હત્યા કર્યાનું ખુલ્યું હતું. આ મામલે ભિલોડા પોલીસે આરોપીને ઝડપી લીધો હતો તેમજ ગુનામાં વપરાયેલું બાઈક અને મોબાઈલ ફોન જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ગુજરાત વહીવટી સુધારણા પંચ જીએઆરસીનો છઠ્ઠો અહેવાલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સોંપાયો

## અહેવાલમાં રાજ્યમાં ભરતી પ્રક્રિયાને વધુ ઝડપી, પારદર્શી, ટેકનોલોજી યુક્ત અને યુવા કેન્દ્રિત બનાવવાની નવ જેટલી ભલામણો કરવામાં આવી છે

ગાંધીનગર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડેમોગ્રાફિક ડિવિડન્ડ સમાન યુવાઓને યોગ્ય તકો અને રોજગાર અવસરો આપીને તેમની અસીમશક્તિને વિકસિત રાષ્ટ્ર – વિકસિત રાજ્યના નિર્માણમાં જોડવાના આપેલા વિચારને રાજ્યમાં સાકાર કરવાનો અભિગમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અપનાવ્યો છે. આ હેતુસર તેમણે રાજ્ય સરકારના વહીવટી માળખા અને કાર્ય પદ્ધતિમાં જરૂરી ફેરફારો માટે મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયાની અધ્યક્ષતામાં ગુજરાત વહીવટી સુધારણા પંચ જીએઆરસીની રચના કરી છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આ વહીવટી સુધારણા પંચ-જીએઆરસીનો છઠ્ઠો ભલામણ અહેવાલ પંચના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાએ બુધવારે ગાંધીનગરમાં સુપ્રત કર્યો હતો.જીએઆરસીએ અત્યાર સુધીમાં રાજ્ય સરકારને પાંચ ભલામણ અહેવાલો સોંપ્યા છે. મુખ્યમંત્રીને સુપ્રત કરવામાં આવેલા છઠ્ઠા અહેવાલમાં રાજ્યમાં ભરતી પ્રક્રિયાને વધુ ઝડપી, પારદર્શી, ટેકનોલોજી યુક્ત અને યુવા કેન્દ્રિત બનાવવાની નવ જેટલી ભલામણો કરવામાં આવેલી છે.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બીયુ વગરની નવ હોસ્પિટલ સીલ

અમદાવાદ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) ઓક્યુપન્સી પરવાનગી (બીયુ) વગર કાર્યરત હોસ્પિટલોને એસ્ટેટ વિભાગે સીલ કરી દીધી છે. શહેરના બોપલ, સરખેજ અને જુહાપુરા વિસ્તારમાં નવ હોસ્પિટલોને સીલ કરવામાં આવી છે. કોર્પોરેશને અગાઉ હોસ્પિટલોને ઈમ્પેક્ટ ફી ચૂકવવા સૂચના આપી હતી, પરંતુ તેઓએ પરવાનગી લીધી ન હતી. તેથી, દક્ષિણપશ્ચિમ એસ્ટેટ વિભાગે આજે સવારે આ હોસ્પિટલોને સીલ કરી દીધી હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ના દક્ષિણપશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગે શહેરના દક્ષિણ બોપલ, જુહાપુરા અને મકતમપુરા વિસ્તારની હોસ્પિટલોને નોટિસ ફટકારી હતી જે બીયુ પરવાનગી વિના કાર્યરત હતી,

તંત્રએ વારંવાર વિનંતીઓ કરવા છતાં, તેઓ ઓક્યુપન્સી પરવાનગી અથવા બાંધકામને નિયમિત કરવાના સત્તાવાર પુરાવા આપવામાં નિષ્ફળ ગયા. તેઓ કાર્યરત રહ્યા હોવાથી, જાહેર સલામતીની ચિંતાઓ હેઠળ હોસ્પિટલોને સીલ કરવામાં આવી છે. આગામી દિવસોમાં, મલ્ટિપ્લેક્સ, શૈક્ષણિક સંસ્થાઓ વગેરે જેવા એસેમ્બલી-પ્રકારના એકમોનો ઉપયોગ અટકાવવા માટે સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે, જેમણે ઈમ્પેક્ટ ફી હેઠળ ઉપયોગ માટે પરવાનગી મેળવી નથી અથવા નિયમિત રીતે બાંધકામ કર્યું નથી.

આ હોસ્પિટલોમાં દેવપુષ્પા મેટરનિટી એન્ડ નર્સિંગ હોમ, ગજરાજ કોમ્પ્લેક્સ, સરખેજ, મુસ્કાન મેટરનિટી હોમ, ગુલમહોર સોસાયટી, મકતમપુરા, નૌશીન હોસ્પિટલ, મકતમપુરા, રિયાઝ હોસ્પિટલ, રોયલ અકબર ટાવર પાસે, જુહાપુરા, હેપીનેસ્ટ ચિલ્ડ્રન હોસ્પિટલ, યુનાઈટેડ ફ્લેટ્સ, વિશાલા સર્કલ, સફલ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ, દક્ષિણ ભોપાલ, મમતા હોસ્પિટલ, દક્ષિણ ભોપાલ, આસન ઓર્થોપેડિક હોસ્પિટલ, દક્ષિણ ભોપાલ, દ્વારિકા હોસ્પિટલ, દક્ષિણ ભોપાલનો સમાવેશ થાય છે.

### ૭૬ લાખની ઈલેક્ટ્રિક ટેસ્લા કાર બની આકર્ષણનું કેન્દ્ર

# સ્કૂલ-સંચાલકે મુંબઈથી ઈલેક્ટ્રિક કારની ડિલિવરી મગાવી

## દક્ષિણ ગુજરાતમાં પહેલી ટેસ્લા કાર સુરત પાસિંગ

સુરત

દક્ષિણ ગુજરાતની પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી પૈકી પહેલી ઈલેક્ટ્રિક ટેસ્લા કારની સુરત આરટીઓમાં નોંધણી થઈ છે. સુરતના એક સ્કૂલ-સંચાલક અને મિલમાલિકે ૭૬ લાખની ટેસ્લા કાર ખરીદી છે. આ કાર ખરીદવા માટે કારમાલિકે ૬ મહિના પહેલાં ઓનલાઈન બુકિંગ કરાવ્યું હતું. ૭ મહિનાના વેઈટિંગ માટે કારમાલિકને ટેસ્લાની ડિલિવરી મળી છે. ગુજરાતમાં ટેસ્લાનો શો રૂમ ન હોવાથી કારમાલિકે મુંબઈ જઈને ટેસ્લા કારની ડિલિવરી લીધી હતી. મુંબઈમાં પણ ટેસ્લા કારની ટેસ્ટ ડ્રાઈવ અને ફીચર્સ જોઈ-જાણી શકાય છે. આ શો રૂમ પર ટેસ્લા કારનું સ્પોર્ટ બુકિંગ કરાવી શકાતું નથી. કારમાલિકો બુકિંગ સહિતની તમામ પ્રક્રિયા ફરજિયાતપણે ઓનલાઈન જ કરવી પડે છે. સુરત ઈંમાં રજિસ્ટ્રેશન માટે આવેલી ઈલેક્ટ્રિક ટેસ્લા (મોડલ વાય) આકર્ષણનું કેન્દ્ર બની હતી. કારનું ઈન્સ્પેક્શન કરનારા ઈં ઈન્સ્પેક્ટરે પણ ટેસ્લાનું મોડલ જોઈ અચંબિત થઈ ગયા હતા. કારનું ૩૬૦ ડિગ્રી એંગલથી નિરીક્ષણ કરવા સાથે એનાં એડવાન્સ ફીચર્સથી વાકેફ થયા હતા. સુરત ઈંઓના ચોપડે પહેલી નોંધણી થયેલી ટેસ્લા કાર લાલ કલરની છે. કાર ખરીદનાર માલિકે લાલ કલરની કાર ખરીદવા માટે કંપનીને ૧.૮૦ લાખ રૂપિયા એક્સ્ટ્રા ચૂકવ્યા હતા. જ્યારે વાહનમાલિકે ઈંને અંદાજિત ૧.૪૦ લાખ રૂપિયા ટેક્સ ચૂકવ્યો છે. સુરતની એક ડાયમંડ કંપનીના માલિક પાસે ટેસ્લા કાર છે, પરંતુ તેમની પાસે મહારાષ્ટ્ર પાસિંગની ટેસ્લા કાર છે. આ કાર તેમણે એકાદ વર્ષ પહેલાં ખરીદી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. તેમણે મુંબઈથી કાર ખરીદીને ત્યાં જ નોંધણી કરાવી હતી.

# મહેસાણા : તસ્કરો માતાજીના આભૂષણો ચોરી ગયા

મહેસાણા

મહેસાણા તાલુકાના વીરતા ગામે ફરી એકવાર ચોરીની ઘટના સામે આવી છે, જેમાં ગત રાત્રિના ૧૨ વાગ્યાના અરસામાં બે તસ્કરો ગામમાં આવેલા વેરાઈ માતાજીના મંદિરમાં ઘૂસ્યા હતા અને ગર્ભગૃહના બંધ દરવાજાનાં તાળાં તોડીને માતાજીને અર્પણ કરાયેલા લાખોના આભૂષણો, ચાંદીનું છત્ર અને કીમતી પાદુકાઓની ચોરી કરી ગયા હતા. આ ચોરીની સમગ્ર ઘટના મંદિરમાં લાગેલા ઝઝ્રફમાં કેદ થઈ છે, જેમાં એક તસ્કર બહાર વોચ રાખતો અને બીજો તસ્કર નકાબ બાંધીને અંદર ચોરી કરતો સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. એક જ અઠવાડિયામાં બે ચોરીની ઘટના સામે આવતાં લોકોમાં ફફડાટ ફેલાયો છે. મહેસાણા તાલુકાના વીરતા ગામે ૨ ડિસેમ્બરની રાત્રિના ૧૨ વાગ્યાના અરસામાં બે તસ્કરો ગામમાં આવેલા વેરાઈ માતાજીના મંદિરમાં ચોરી કરવા ઘૂસ્યા હતા, જ્યાં ચોરોએ મંદિરના ગર્ભગૃહના બંધ દરવાજાનાં તાળાં તોડી મંદિરમાં ઘૂસ્યાં હતાં. આ દરમિયાન મંદિરમાં માતાજીને અર્પણ કરવામાં આવેલા લાખોના આભૂષણો તસ્કરો ચોરી ગયા હોવાનું સામે આવ્યું છે. ઝઝ્રફ કેમેરામાં જોવા મળી રહ્યું છે કે એક તસ્કર મંદિર બહાર વોચ રાખી રહ્યો છે. ત્યારે બીજા તસ્કરે મોઢે નકાબ બાંધી ગર્ભગૃહમાં પ્રવેશ કર્યો અને સૌપ્રથમ માતાજીની સામે પડેલી કીમતી પાદુકાઓ ચોરી પોતાના ખિસ્સામાં મૂકી. ત્યાર બાદ ત્યાં લાગેલું ચાંદીનું મોટું છત્ર ખેંચી તોડીને પોતાના સાથે લઈ ગયો હતો.

# આજીવન કેદનો આરોપી ત્રણ વર્ષે ઝડપાયો

## વચગાળાના જામીન પરથી ફરાર બળદેવ ભરવાડને SOGએ પકડ્યો

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર SOGએ હત્યાના ગુનામાં આજીવન કેદની સજા પામેલા આરોપી બળદેવ જશાભાઈ ભરવાડને ઝડપી પાડ્યો છે. આરોપી છેલ્લા ત્રણ વર્ષથી વચગાળાના જામીન પરથી ફરાર હતો. તેને આણંદ જિલ્લાના મોગર ગામ પાસેથી પકડવામાં આવ્યો હતો. બળદેવ ભરવાડ વઢવાણ પોલીસ સ્ટેશનના ગુના નંબર ૯૩/૨૦૧૪, IPC કલમ ૩૦૨ હેઠળ હત્યાના કેસમાં દોષિત ઠર્યો હતો. તેને આજીવન કારાવાસની સજા થઈ હતી અને તે સાબરમતી જેલ, અમદાવાદમાં કેદી નંબર જી-૧૫૯૯૩ તરીકે સજા ભોગવી રહ્યો હતો. આરોપીએ છ વર્ષની સજા ભોગવ્યા બાદ ૧૫ એપ્રિલ, ૨૦૨૨ના રોજ વચગાળાના જામીન પર જેલમાંથી છૂટકારો મેળવ્યો હતો. જોકે, તે નિર્ધારિત સમયસર જેલમાં હાજર થયો ન હતો અને ત્યારથી ફરાર હતો.

રાજકોટ વિભાગના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ અને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂની સૂચના મુજબ, SOG સ્ટાફના હેડ કોન્સ્ટેબલ અનિરુદ્ધસિંહ અભેસંગભાઈ ખેરને ચોક્કસ બાતમી મળી હતી. બાતમી મુજબ, આરોપીનો પરિવાર આણંદના મોગર ગામમાં રહેતો હતો અને તે ગુપ્ત રીતે પરિવારને મળવા આવવાનો હતો. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી બળદેવ ભરવાડને પકડી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન, આરોપીએ પોતે લીંબડી, સુરેન્દ્રનગરનો રહેવાસી હોવાનું અને છેલ્લા ત્રણ વર્ષથી જામીન પરથી ફરાર હોવાની કબૂલાત કરી હતી. SOGએ કાયદેસરની કાર્યવાહી કરીને તેને અમદાવાદની સાબરમતી જેલને હવાલે કર્યો છે. આ કામગીરીમાં PI બી.એચ. શીંગરખીયા, PSI એન.એ. રાયમા, PSI આર.જે. ગોહિલ, ASI અનિરુદ્ધસિંહ મહીપતસિંહ ઝાલા, HC અનિરુદ્ધસિંહ અભેસંગભાઈ ખેર, PC કુલદીપસિંહ સામંતસિંહ ગોહિલ, PC મીતભાઈ દિલીપભાઈ મુંજપરા, PC સાહીલભાઈ મહંમદભાઈ સેલત અને ડ્રા.PC બલભદ્રસિંહ નરેન્દ્રસિંહ ઝાલા સહિતના પોલીસકર્મીઓ જોડાયા હતા.

# ગુજરાતમાં એક જ વર્ષમાં ૨૨.૧૮ લાખ ગુજરાતીઓ બન્યા ડાયાબિટીસનો ભોગ

## ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ડાયાબિટીસના જ ૪૭.૬૬ લાખ કેસ જ્યારે કેન્સરના ૨.૨૬ લાખ કેસ નોંધાયા

અમદાવાદ,

ગુજરાતીઓ નું આરોગ્ય કથળ્યું છે. ખાવાના શોખીન ગુજરાતીઓની શારીરિક સ્થિતિ કથળી છે. તેમા હૃદયરોગ, ડાયાબિટીસ, કેન્સરના કેસમાં ચિંતાજનક વધારો થયો છે. ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં જ ૨૨.૧૮ લાખ લોકોને ડાયાબિટીસ થયો છે. ડાયાબિટીસના રોગને ધીમું મોત કહેવાય છે.

આ અંગે આરોગ્ય નિષ્ણાતોનું કહેવું છે કે ગુજરાતીઓ ને ડાયાબિટીસના રોગમાં વધારો થવાનું કારણ તેમની બેઠાડુ જીવનશૈલી હોવાનું કહેવાય છે. ગુજરાતીઓ ક્યાં તો દુકાન પર અથવા તો ઓફિસમાં બેસીને કામ કરતાં હોય છે. આ ઉપરાંત તેમનામાં શારીરિક પ્રવૃત્તિનો અભાવ હોય છે. તેથી જો ફિઝિકલ એક્ટિવિટીમાં વધારો કરે તો ડાયાબિટીસ રોગ ન થાય, પણ ગુજરાતી ક્યાં તો ઘરની બહાર પગ મૂકે ક્યાં તો ટુ-વ્હીલર કે ફોર-વ્હીલર પર જ બેસી જાય છે. હજી પણ જો તેઓ નહીં સમજે અને સુધરે તો આગામી દિવસોમાં આ આંકડો સતત વધતો જશે.

આ સિવાય રાજ્યમાં ૭૭ હજારને કેન્સર થયું છે. આમ વસ્તીની તુલનાએ કેન્સરના પ્રમાણમાં પણ ગુજરાત મોખરે છે. ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ડાયાબિટીસના જ ૪૭.૬૬ લાખ કેસ થયા છે. જ્યારે કેન્સરના ૨.૨૬ લાખ કેસ નોંધાયા છે.

ડાયાબિટીસના નિદાનના કેસમાં ત્રણ વર્ષમાં ૧૪ ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત ૨૦૨૩-૨૪માં કુલ ૧.૭૪ કરોડ કેસમાં ૯.૮૭ લાખ લોકોને ડાયાબિટીસનું નિદાન થયું હતું. જ્યારે ૨૦૨૪-૨૫માં ૨.૪૮ કરોડ કેસમાં ૧૫.૬૦ લોકોને ડાયાબિટીસનું નિદાન થયું હતું. ૨૦૨૫-૨૬માં ૧.૭૩ કરોડ કેસમાં ૪૭.૬૬ લાખ લોકોને નિદાન થયું હતું.

ગુજરાતમાં ૨૦૨૨માં કેન્સરના ૭૩,૮૩૨ કેસ નોંધાયા હતા. તેના પછી ૨૦૨૩માં કેન્સરના કુલ ૭૫,૨૯૦ કેસ નોંધાયા છે. ઉત્તરપ્રદેશમાં કેન્સરના સૌથી વધુ ૨.૨૧ લાખ કેસ નોંધાયા હતા, જ્યારે મહારાષ્ટ્રમાં ૧.૨૭ લાખ, પશ્ચિમ બંગાળમાં ૧.૧૮ લાખ કેસ નોંધાયા હતા. બિહારમાં ૧.૧૫ લાખ તો તમિલનાડુમાં ૯૮ હજાર કેસ નોંધાયા હતા. કર્ણાટકમાં ૯૮ હજાર તો મધ્યપ્રદેશમાં ૮૬ હજાર અને રાજસ્થાનમાં ૭૮ હજાર કેસ નોંધાયા છે. આ બતાવે છે કે ફક્ત ગુજરાત જ નહીં આખા દેશમાં કેન્સરનો રોગ કેવો ભરડો લઈ રહ્યો છે.

# યુવક અને વૃદ્ધને છેતરીને સાયબર ગઠિયાઓએ શેરબજારમાં રોકાણ કરાવી ૨૬ લાખ પડાવ્યા

અમદાવાદ

અમદાવાદમાં શેરબજારમાં રોકાણના નામે એક યુવક અને એક વૃદ્ધ સાથે શેરબજારમાં રોકાણના નામે લાખો રૂપિયાની છેતરપિંડી થઈ છે. વૃદ્ધને સાયબર ગઠિયાઓએ શેર માર્કેટમાં રોકાણ કરાવી ૧૩.૧૮ લાખ પડાવ્યા છે જ્યારે યુવકને શેરબજારમાં રોકાણ કરવાનું કહીને ૧૩.૭૫ લાખ પડાવ્યા છે. આમ બંને મામલે સાયબર ક્રાઈમે ગુનો નોધી તપાસ શરૂ કરી છે. અમદાવાદના પાલડીમાં રહેતો ધૈર્ય વોરા નામનો

## યુવક પાસેથી રૂપિયા ૧૩.૭૫ લાખ પડાવ્યા, સોલામાં રહેતા વૃદ્ધ પાસેથી ૧૩.૧૮ પડાવ્યા

૨૨ વર્ષનો યુવક ખાનગી કંપની કરે છે. ધૈર્યને અજાણ્યા વ્યક્તિઓએ વોટ્સએપ ગ્રુપમાં એડ કરીને રોકાણ કરવાની સલાહ આપવામાં આવી હતી.જે બાદ ધૈર્યને એપ્લિકેશન પણ ડાઉનલોડ કરાવી હતી.એપ્લિકેશનમાં ધૈર્યની વિગતો અપલોડ કરાવી હતી.જે બાદ જુદા જુદા એકાઉન્ટમાં પૈસા નાખવા હતા અને મોટો ફાયદો બતાવ્યો હતો.ધીરે ધીરે ધૈર્ય પાસેથી ૧૩.૭૫ લાખ પડાવીને પરત આપ્યા ન્હોતા.આ અંગે ધૈર્યએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. બીજી તરફ સોલામાં રહેતા ૬૮ વર્ષીય મહેન્દ્ર પટેલ ઉદ્ઘ માંથી નિવૃત થયા છે.મહેન્દ્રભાઈને અજાણ્યા વ્યક્તિઓએ સંપર્ક કરીને શેર બજારમાં રોકાણ કરવાનું કહી વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યા હતા જે બાદ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી હતી.એપ્લોલેશ શરૂઆતમાં રોકાણ પર સારો નફો બતાવી સેબી અને રિલાયન્સના નામે બનાવતી દસ્તાવેજો મોકલીને વિશ્વાસ અપાવ્યો હતો. જે બાદ શેર માર્કેટમાં રોકાણના બહાને મહેન્દ્રભાઈ પાસેથી ટુકડે ટુકડે ૧૩.૧૮ લાખ ભરાવ્યા હતા.આ રકમ સામે સારો નફો બતાવ્યો હતો પરંતુ રકમ કે નફો આપ્યો નહતો જેથી મહેન્દ્રભાઈએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.